સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

રાષ્ટ્રની રક્ષામાં, ગુમાવે પ્રાણ, એ શહીદ થાય છે!
લોકશાહી લડતમાં જે વિંધાય, - શહીદ થાય છે,
કરે પ્રાપ્ત શહીદી, જોખમો સામે લડનારા પણ -
સુવિધા વિના જે ભેટે મૃત્યુ એ 'શહીદ' થાય છે

હાઈકુ

કોરોના દર્દી,
ઓક્સિજન અભાવે -
થાય શહીદ!

આફતે લડે
જ જીવ સટોસટ -
થાય શહીદ...

ચિંતન

કૃત્વા સ્વાન્તે તથૌદાર્યં કાર્પણ્યં બહિરેવ ચ ।
ઉચિતં તુ વ્યયં કાલે નરઃ કુર્યાન્ત યાન્યથા ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

હંમેશા હૃદયમાં ઉદારતા રાખવી પણ મનમાં કંજૂસાઈ રાખવી. સમય આવ્યે ઉચિત ખર્ચ કરવો, પણ પૈસા ગમે તેમ ઉડાડવા નહીં, પૈસાનો અપવ્યય ન કરવો.

મનુષ્યે હૃદય વિશાળ રાખવું. ઉદારતા યથાયોગ્ય પ્રસંગ કે પાત્ર હોય, જરૂરિયાતને દાન-મદદ કરવામાં જરા પણ સંકોચ ન કરવો. કેટલાક ધનિકો એવા હોય છે કે ઘરનો પ્રસંગ ખૂબ કરકસરથી નિપટાવે. જેમાં સગાસંબંધી નિકટોને પણ ખરાબ પરિસ્થિતિમાં મુકાઈ જવું પડે છે. દાન-ધર્મ જેવા પ્રસંગે હંમેશા ઉદારતા રાખવી.

હૃદયની ઉદારતા અને મનની કંજુસાઈ વચ્ચે વિવેકનું સંકલન જરૂરી છે. ઉદારતામાં દંભ ન આવી જાય અને કંજૂસાઈમાં લોભ ન દેખાય એનું ધ્યાન રાખવું. યોગ્ય અને અયોગ્ય ખર્ચનો વિવેક રાખવો. મોટાઈના દેખાડા માટે મોટા ખર્ચા કરવા યોગ્ય નથી. યોગ્યતા મુજબ, જરૂરિયાત મુજબ પ્રસંગ અનુરુપ ખર્ચ કરવો અને એ વખતે કંજૂસાઈ ન કરવી.

સુવિચાર

- જે જ્ઞાનીઓની સાથે ચાલે છે તે અવશ્ય જ્ઞાની બની જશે - **જીન પૌલ**
- માણસને જીવનનો અનુભવ શીખવનાર વિપત્તિ સિવાય બીજું કોઈ વિદ્યાલય આજ સુધી નથી ઉઘડ્યું, જેણે આ વિદ્યાલયની પદવી મેળવી તેના હાથમાં નિશ્ચિંતપણે જીવનની લગામ સોંપી શકાય - **પ્રેમચંદ**
- આત્મા મૌન રહે ત્યારે પરમાત્મા બોલી શકે - **બોધિવૃક્ષ**
- વૈભવમાં વધારો કરવાની નહીં,
  પરંતુ હૃદયને વિશાળ બનાવવાથી જ સુખમાં વધારો થાય છે - **જહોન રસ્કિન**
- મને માત્ર દયા માટે જ મોકલ્યો છે, શાપ દેવા માટે નહિ - **મોહમ્મદ પયંગબર**
- આત્મા, જ્ઞાનસ્વરુપ, સ્વયં પ્રકાશિત અને ચિત્સ્વરુપ છે,
  તે સહુનો દ્રષ્ટા, નિત્યનિર્ગુણ અને અદ્વિતીય છે - **શંકરાચાર્ય**
- આજનું ઔષધ : પચ્ચીસેક પારીજાતના ફુલને મિક્ષરમાં માપસર પાણી ઉમેરીને વાટીને પીવાથી હૃદય મજબૂત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક સાચા સંતને મનમાં વિચાર આવ્યો કે એમણે પોતાના આહાર-વ્યવહાર પર કાબૂ મેળવી લીધો છે. પણ દૂધ તેમને ખૂબ ભાવતું હોઈ તેના પર કાબુ મેળવી શક્યા નથી. અને એમણે દૂધ ન પીવાનો નિર્ણય કર્યો. એમના પરિચયમાં આવનાર સૌને સંતના આ નિશ્ચય પર આશ્ચર્ય થયું. થોડા વર્ષો વીતી ગયા. સંતને એકવાર દૂધ પીવાની ઈચ્છા થઈ પરંતુ એ દિવસે એમણે પોતાની જાતને રોકી લીધી. થોડા મહિનાઓ પછી ફરી પાછી દૂધની યાદ આવી. અને હવે એ ઈચ્છા તીવ્ર બની ગઈ. એક દિવસ એમના ભગત એવા મોટા શેઠના ઘરે એમની પધરામણી હતી. સંતને થયું કે સંત ભોજનમાં બીજું કંઈ નહીં લે. અને ફક્ત દૂધ જ લેશે. શેઠને ખ્યાલ હતો કે વર્ષો પહેલાં સંતને દૂધ પ્રિય હતું. અને એમને દૂધનો ત્યાગ કરી દીધો છે. છતાં શેઠે સંતના ઉતારામાં દૂધના ચાલીસ ઘડા ભરાવી મૂકી દીધા. સંતે પધરામણી કરી. શેઠે સંતને ઉતારા પર લઈ જઈ સ્વાગત કરતા કહ્યું, 'મહારાજ. આપે કહ્યું કે આપ દૂધ પીસો. આથી આ ચાલીસ ઘડા દૂધ આપને માટે મૂક્યું છે. આપ પી જજો.' સંતે કહ્યું, 'મારે દૂધ જ પીવું છે પણ આટલા બધા ઘડા દૂધ શા માટે લાવ્યા?' ત્યારે શેઠે જવાબમાં કહ્યું, 'મહારાજ,આપે ચાલીસ વર્ષથી દૂધ પીવાનું છોડી દીધું છે એ હિસાબે મેં દૂધના ચાલીસ ઘડા લાવીને મૂક્યા છે.' શેઠની માર્મિત વાતને સંત તરત સમજી ગયા અને તેમણે માફી માંગતા કહ્યું, 'મેં મારા ભાંગી રહેલા સંયમ પર નિયંત્રણ મેળવી લીધું છે. નિયમ લીધા પછી સંયમમાં રહેવું સહેલું તો નથી જ.' સંતે ઘડા પાછા મોકલવા વિનંતી કરી અને શેઠને વંદન કર્યા.

યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરવાની જરૂર

તંત્રીસ્થાનેથી...

અદાલત આકરાં નિરીક્ષણો કરીને વર્તમાન પરિસ્થિતિ માટે જે કોઈ જવાબદાર હોય એના કામ આમળી રહી છે. ઓક્સિજન વગર દમ તોડતા દરદીઓની વહારે ધાઈને અદાલતે ત્યાં સુધી કહી દીધું કે ઓક્સિજનના ટ્રાન્સપોર્ટેશનને અટકાવનાર અધિકારીને એ લટકાવી દેશે. લોકશાહીમાં ન્યાયપાલિકાનો એક આગવો રોલ હોય છે અને અદાલત એ રોલ સક્ષમ રીતે ભજવવાની કોશિશ કરી રહી છે. જો કે એથી વહીવટી તંત્ર તો એની મંથર ગતિએ જ ચાલતું રહે છે. અદાલતની ચીમકીઓને ઘોળીને પી જવાની આવડત ધરાવતા નોકરશાહો કે નેતાઓ 'હાથી ચલત હૈ અપની ગત મેં' વાળું વલણ જ અપનાવી રહ્યા છે. અતિ સંવેદનશીલ 'લોકનેતા' તરીકે ઊપસવાના દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અભિગમને વડાપ્રધાન જાહેરમાં ટપારી શકે છે અને કેજરીવાલ ચુપચાપ કાન પકડીને માફી પણ માગી શકે છે. રાજકારણને હાંસિયે મૂકીને જનતાની તકલીફોના નિવારણ માટે એક મંચ પર આવવાનું આ એક કુદરતી બહાનું મળ્યું છે એ પણ આપણા નેતાઓ ચૂકી રહ્યા છે. ભારતી જનતા પાર્ટીને દરેક જગ્યાએ 'યજ્ઞ' અને 'ઉત્સવ' જ દેખાયા કરે છે. કોરોનાગ્રસ્ત દેશ એમના કાર્યકરો માટે એમનાં રાજકીય મૂળિયા મજબૂત કરવાની પીઠિકા બની રહે એવા ક્ષુલ્લક ઉપક્રમો યોજીને તેઓ પ્રજાની નજરમાંથી નીચા ઊતરી રહ્યા છે. કોંગ્રેસ પાસે એક પરિવારના ત્રણ સભ્યો સિવાય ચોથો કોઈ નેતા જ નથી બચ્યો. વારાફરતી સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી કેન્દ્ર સરકારના દોષો શોધી કાઢીને નરેન્દ્ર મોદીને ઉપદેશ આપતાં રહે છે. મમતા બેનરજી માટે પગ નીચેથી સરી રહેલી સત્તાનો શોક એમને કેન્દ્ર સાથે મળીને પેદા થયેલી પરિસ્થિતિનો સામનો કરવા પ્રેરી શકતો નથી. એ સાચું કે કેન્દ્ર સરકાર કોરોના મેનેજમેન્ટમાં ગોથું ખાઈ ગઈ છે અને દેશ ભયંકર વિકટ સ્થિતિમાં મુકાઈ ગયો છે, પણ તો પછી પ્રજાએ જાતે જ બચવા માટેના રસ્તા શોધવા જોઈએ અને જરૂર પડ્યે સરકાર અને નોકરશાહી સામે બાંયો ચડાવી મરતા લોકોને બચાવવા બહાર આવવું જોઈએ. આમાંનું કશું થતું નથી. બધા જ પોતપોતાની સલામતીના સંકુચિત ખ્યાલોમાં રહ્યા કરે છે અને બીજા પર દોષનો ટોપલો ઢોળતા રહે છે. કેટલીક અપવાદરુપ અને પ્રેરણાદાયક ઘટનાઓ પણ બનતી રહે છે. દાખલા તરીકે સુખી મહાજનો પોતાના સંકુલોમાં ઓક્સિજન પ્લાન્ટ નાખીને તથા ગજા મુજબના બેડવાળી કોવિડ હોસ્પિટલો ઊભી કરીને વિકરાળ પરિસ્થિતિને પહોંચી વળવા પ્રયાસ કરે. દિલ્હી, ગુજરાત અને મહારાષ્ટ્રની વિકટ સ્થિતિને જોતાં વિદેશી અખબારો ભારતને 'નરક' સાથે સરખાવી રહ્યાં છે. ઓક્સિજનની બૂમ અત્રતત્રસર્વત્ર સંભળાતી રહે છે. આગ લાગે ત્યારે કૂવો ખોદવા જેવા ઉપાયો યોજીને સરકાર એનું નાક બચાવવા મથે છે ખરી, પરંતુ નવા ઓક્સિજન પ્લાન્ટ આવે એ પહેલાં તો કેટલીયે જિંદગીઓ સ્વાહા થઈ ગઈ હશે. ઘણી કોવિડ હોસ્પિટલોમાં અધવચ્ચે ઓક્સિજન સપ્લાય અટકી જાય છે અને સામટો લાશોનો ઢગલો વળી જાય છે તો કેટલીક જગ્યાએ આગ ફાટી નીકળતાં દરદીઓ જીવતા ભૂંજાતા રહે છે. આવા વખતે ભાષણો કે મન કી બાત કરતાં યુદ્ધના ધોરણે 'એકશન' વધુ જરૂરી બની રહે. કેજરીવાલે એટલા માટે જ કોરોના મેનેજમેન્ટ આર્મીને સોંપી દેવાનો વિચાર વહેતો મૂક્યો હતો.

રાજદ્રોહી બાબતનો પ્રચાર પ્રસાર કરવો ગુનો બને છે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

પ્રેસ અને પુસ્તક રજીસ્ટ્રેશન અધિનિયમ ૧૮૬૭ મુજબ નોંધાયેલા અને તેના નિયમો અનુસાર લખાયેલા, છપાયેલા અને પ્રકાશિત થતા કોઈ પ્રકાશનના તંત્રી ,માલિક, મુદ્રક કે પ્રકાશક સામે એવા પ્રકાશનમાં કોઈ બાબત હોય તે અંગે રાજય સરકારના કે તે માટે રાજય સરકારે જેને સત્તા આપી હોય તે અધિકારીના હુકમ સિવાય અથવા તેણે આપેલા અધિકાર અનુસાર હોય તે સિવાય આ કલમ મુજબ કોઈ જ કાર્યવાહી થઈ શકશે નહીં.

એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટને એવી માહિતી મળે કે પોતાની હુકુમત ની અંદર કોઈ વ્યક્તિ તેવી હુકુમત ની અંદર કે બહાર બોલીને, લખીને બીજી કોઈ રીતે બદઈરાદાપૂર્વક તેને ફેલાવે કે ફેલાવવાની કોશિશ કરે તો ભારતીય ફોજદારી અધિનિયમ ની કલમ ૧૨૪ (ક) તથા ૧૫૩ (ક) ને ૧૫૩ (ખ)તેમજ ૨૯૫(ક) મુજબ શિક્ષાને પાત્ર બને છે.

પોતાની ફરજ બજાવતા હોવાનું અભિપ્રેત હોય તેવા કોઈ ન્યાયાધીશને લગતી ભારતીય ફોજદારી અધિનિયમ મુજબ ગુનાહિત ધમકી કે બદનક્ષી થાય તેવી બાબત માં એક વર્ષ સુધીની મુદત દરમિયાન સારા વર્તન માટેની જામીનગીરી તથા જાત મુચરકો એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ લઈ શકશે.

તેમજ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને એવી માહિતી મળે કે પોતાની સ્થાનિક હુકુમત ની અંદર કોઈ વ્યક્તિ પોતાની હાજરી છુપાવવા માટે સાવચેતી રાખે છે અને તેને કોઈ પોલીસ અધિકારી હેઠળનો ગુનો કરવાની દૃષ્ટિએ તે એવું વર્તન કરે છે અને તે માન વાને પુરતા કારણો હોય ત્યારે તે મેજિસ્ટ્રેટને યોગ્ય લાગે તે વધુમાં વધુ એક વર્ષની મુદત દરમ્યાન તેની સારી ચાલચલગત માટેની જામીન સહિતનો કે જામીન વિનાનો મુચરકો આપવાનો હુકમ કરી શકે છે અને શંકાસ્પદ વ્યક્તિઓ પાસેથી સારા વર્તનની જામીનગીરી એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ મેળવી શકે છે તથા તેના ભંગ બદલ સજા તથા દંડ ની જોગવાઈ પણ કરી શકે છે.

સુલેહ જાળવવા માટેની જામીનગીરી પણ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સીઆરપીસી કલમ ૧૫૧ મુજબ મેળવી શકે છે. જો કોઈ વ્યક્તિ સુલેહ નો ભંગ કરે અથવા જાહેર સુલેહ શાંતિ માં ખલેલ પહોંચાડે એવો અથવા જેનાથી કદાચ સુલેહ ભંગ થાય તેમ હોય અથવા જાહેર સુલેહ શાંતિમાં ભંગ થાય તેવું કૃત્ય કરે તો એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ તેમને મળેલા અભિપ્રાય મુજબ યોગ્ય કાર્યવાહી કરવાનું પૂરતું કારણ છે તો તેને યોગ્ય લાગે તે વધુમાં વધુ એક વર્ષ દરમિયાન મુદતની સુલેહ શાંતિ ભંગ જાળવવા માટે જામીન સહિતનો કે જામીન વિનાનો જાત મુચરકો મેળવી શકે છે.

મામલતદારની સ્થાનિક હકૂમતની અંદર સુલેહ શાંતિ ભંગ અથવા અશાંતિ થવાનો ભય હોય તેવું સ્થળ આવેલ હોય અથવા દર બહારનો સુલેહનો ભંગ કરે અથવા જાહેર શાંતિમાં ખલેલ પહોંચાડે એવું કાર્ય કે ગેરકાયદેસરનું કૃત્ય કરે તેવો સંભવ હોય તેવી વ્યક્તિની પોલીસ દ્વારા અટક કરાવી સ્થાનિક હુકુમતની અંદર તેને હાજર રાખી જામીન કે બીન જામીની જાત મુચરકો એક વર્ષની મુદતનો લઈ શકે છે.

હુમલો કરવાનો કે ગુનાહિત બળવા કરવાનો કે બગાડ કરવાનો ગુનો અથવા તેમાંના કોઈનો જેમાં સમાવેશ થતો હોય તે ગુનો અથવા ગુનાહિત ધમકી નો ગુનો , સુલેહ શાંતિ ભંગ થયેલ હોય તેવો અથવા તેવા ઈરાદાથી કરેલો અથવા થવાનો સંભવ હોવાનું જાણીને કોઈ બીજો ગુનો કરે તો જાત મુચરકો મોકૂફ રાખી અપીલ કોર્ટ અથવા ફેરવિચારણા માટે ફેર તપાસનો અધિકાર વાપરતી કોર્ટ પણ આ કલમ મુજબ ગુનો નોંધી જામીનગીરી મેળવી શકે છે. સુલેહ અને સારા વર્તનની જામીનગીરી માટે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને જામીનગીરી લેવાના પાવર આપેલ છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧
info@trivediassociates.in

ફરજ ઉત્તમ રીતે અદા કરવાની એકમાત્ર રીત એ જ છે કે તમે પોતે ઉત્તમ બનો

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

ભણાવવું એટલે શું? ભણાવવું એટલે જ્ઞાન આપવું
અને સાથે મરદાનગી આપવી.
આજે શિક્ષણનું મુખ્ય કામ અન્યાય સામે લડવાનું શીખવવાનું છે.
આપણા શિક્ષણમાંથી, સાહિત્યમાંથી, એવી તાકાત જન્મવી જોઈએ કે જેથી
સામાન્ય માણસ ઊઠીને ઊભો થાય અને અન્યાય-નિવારણ સામે લડત આપે.
શિક્ષણનું ખરું કામ આ છે : ભણેલો માણસ શૂરવીર હોય
શિક્ષણ ખાતર શિક્ષણ નહીં, સાહિત્ય ખાતર સાહિત્ય નહીં,
સેવા ખાતર સેવા નહીં આ ત્રણેયમાંથી શક્તિ પ્રગટવી જોઈએ,
માણસ બેઠો થવો જોઈએ. આવી તાકાત જો ન નીપજતી હોય,
તો શિક્ષણ-સાહિત્ય-સેવા બધું નકામું.

- મનુભાઈ પંચોળી

આજના યુગમાં કેળવણી, શિક્ષણ અને બાળ-ઉછેર આ દરેક બાબતમાં ઘણા ફેરફારો આવ્યા છે. આજની જનરેશન ખૂબ સ્માર્ટ છે. નાનપણથી જ મોબાઈલ, ઈન્ટરનેટ, ટીવી તેમજ લેપટોપ પર ગેમ્સ રમે, વિકિપીડીયા તેમજ ગુગલ પર જે કંઈ જાણવું હોય તે સર્ચ કરીને તેના વિશે વિગતવાર માહિતી મેળવી શકે છે. પણ સતત તમામ બાળકોમાં એક પ્રકારનું પરફોર્મન્સ પ્રેશર જોવા મળે છે. એકાદ માર્ક ઓછો આવે તે તેમને મંજૂર નથી! સફળતા પચાવવી જેમ અગત્યની છે તેમ જ નિષ્ફળતાને જીરવતાં શીખવું પણ એટલું જ મહત્ત્વનું છે. જીવનમાં જે કંઈ પણ બને કે જે પણ પ્રાપ્ત થાય તેનો સ્વીકાર કરતાં શીખવું આજની જનરેશન માટે અત્યંત આવશ્યક છે! ખેલદિલીપૂર્વક અન્યની જીતમાં પણ ખુશ થતાં શીખવું એ પણ શીખવું જરૂરી હોય છે. શિક્ષણનો હેતુ છે માણસને બળ આપવું, આત્મનિર્ભર બનાવવો અને આત્મવિશ્વાસુ બનાવવો!

દરેક સમયમાં, ઉંમરમાં આગળ વધેલા અમુક લોકો એવા હોય છે જે હંમેશા ફરિયાદ કરતા હોય છે કે પોતાના સમયમાં હતું તે ભણતર હવે રહ્યું નથી. અમુક અર્થમાં આ વાત સાચી પણ છે. પહેલા નાના-નાના ધોરણમાં પણ અમુક વિષયો ખૂબ જ ચીવટથી અને ચોકસાઈથી ભણાવવામાં આવતા કે જે આજીવન બાળકની એક અલગ પ્રતિભા વિકાસાવવામાં મદદરૂપ બનતા. પણ હવે એજ્યુકેશન ગ્લોબલ બન્યું છે, વૈશ્વિક સ્તરે વિકસ્યું છે! એક જ વિષયના પુસ્તક પર આધારિત કેટલીય રેફરન્સ બુકસ માર્કેટમાં ઉપલબ્ધ બની છે. જેના પરિણામે, પાઠ્યપુસ્તકનો તો જાણે કોઈ રોલ જ ન હોય તેમ વિદ્યાર્થીઓને લાગે છે! ઘણા વિદ્યાર્થીઓ તો આખા વર્ષમાં એકાદ વાર પણ ટેક્સ્ટબુકસને અડ્યા વિના જ ભણ્યા હોય તેમ બને છે. વિદ્યાર્થી એ પરીક્ષાર્થી બની ગયો છે. ત્રણ કલાકની પરીક્ષા પર આખા જીવનનો આધાર રહેતો હોય છે. બાળકના મનમાં પરીક્ષા અંગેની કેટલીય નકારાત્મક વિકૃતિઓ ઘૂમતી હોય છે. પરીક્ષાનો હાઉ તેના પર એટલો હાવી થઈ જાય કે તે ન કરવાના કાર્યોમાં પોતાનું મન પરોવે અને પરિણામે પોતાનામાં રહેલી શક્તિઓનો દુર્વ્યય અને ખોટા રસ્તે તેનો ઉપયોગ કરતો બની જાય! વિદ્યાર્થીને આપણે ત્યાં ઉપલબ્ધ બનેલી સમૃદ્ધ લાઈબ્રેરીઝનો ઉપયોગ કરતો કરવો તે શિક્ષક તેમજ મા-બાપ બંનેની સહિયારી ફરજ છે. તેના હાથમાં ઈલેકટ્રોનિક ગેઝેટ્સ આપી દેવાથી આપણી ફરજ પૂરી થઈ જાય છે તેમ માનવું ભૂલભરેલું છે. પરસ્પર વિચારોનું આદાનપ્રદાન તેમ જ રસ-રૂચિના વિષયો અંગેની ચર્ચા એ હવે સાવ લુપ્ત બની જતી બાબત જણાય છે. બાળક પોતાની સાથે સગાસંબંધીઓના ઘરે કે બીજે ક્યાંક આવવાની આનાકાની કરે તેમાં મા-બાપે ખુશ થવાની કે નિરાંત અનુભવવાની ન હોય કારણ આ જ બાબત આગળ જતાં બાળકને એકલવાયો અને અંતર્મુખી બનાવી શકે છે! કાકાસાહેબ કાલેલકર લખે છે કે, ''આજે જે સગુણો સમાજના હાડમાં પચી ગયેલા દેખાય છે, તે એકાદ જમાનાના જબરદસ્ત પ્રચારને લીધે જ લોકસહજ થયેલા છે. માંસાહારનો ત્યાગ, અતિથિ સત્કાર, ભાઈ-બહેનનાં લગ્નનો અભાવ, વહેવારમાં જળવાતું ઘણુંખરું પ્રામાણિકપણું - એ બધા સદ્‌ગણો સમાજે કેળવણીથી સિદ્ધ કરેલા છે.'' આપણે આપણા બાળકોને આ પ્રકારની કેળવણી આપવાની અનિવાર્ય જરૂરિયાત આજે ઊભી થઈ છે.

માનો કે તમે તમારા બાળક માટે કોઈ એક જ વસ્તુ કરવા ધારો તો શું કરશો? નક્કી કરો કે તેમને મારશો નહીં. બાળક પર હાથ ઉગામવો એ સદંતર તેના આત્મસન્માન પર એક પ્રહાર સમાન છે. તેના માટે કોઈ બે જ વસ્તુ કરવા ઈચ્છો તો શું કરશો? એક તો તેને વઢવું નહીં અને તેનું અપમાન કરવું નહિ. સામાન્ય રીતે આ વાત આપણને અશક્ય લાગે પણ તેને સમજાવવાની કોઈ અન્ય રીત તમે શોધી જ લેશો જયારે આ બંને બાબતો તમારા માટે વર્જ્ય બનશે! હવે કોઈ ત્રણ વાત કરવા ઈચ્છો તો શું કરશો? બાળકને બીવડાવશો નહિ, લાલચ આપીને સમજાવો કે બેટા-બેટા કરીને તેની બધી જિદ્દ માનીને તેને માથે ન ચડાવી મૂકો. સમયના અભાવે અને આર્થિક સદ્ધારાને કારણે આજકાલ આ બાબત ખૂબ મોટા પાયે વિકસી છે. બાળકની તમામ જરૂરિયાતો સંતોષવા મા-બાપ ગમે તે ભોગે કટિબદ્ધ બને છે. અને પરિણામે, કોઈ વસ્તુ વગર ચલાવી લેતાં તે કયારેય શીખી શકતું જ નથી. આગળ જતાં તેની જરૂરિયાતો વધતી જાય અને સંતુષ્ટ ન થાય ત્યારે તેને ઊંધા રવાડે ચડતા વાર નથી લાગતી. હવે એવી ચાર બાબતો બાળકોને વારંવાર શિખામણ ન આપવી, વારંવાર પેમ્પર ન કરવું, વારે વારે વાંકન કાઢવો અને વારંવાર તેના પર રોફ જમાવવો. બાળક એ તમારી મિલ્કત નથી પણ એક જીવતું જાગતું સ્તવંત્ર અસ્તિત્વ છે.

તેની પાસે કંઈક કરાવવું હોય તો તેના માટે દાખલારૂપ બનીએ તેના પર શિખામણનો વરસાદ ન કરીએ! આજના યુગમાં શિખામણ સાંભળવું કોઈને પણ ગમતું નથી. પહેલાં તો આમાન્યા અને મર્યાદા હેઠળ પણ બાળકો શાંતિપૂર્વક વડીલોને સાંભળી લેતા પણ હવે તો એ સમય પણ કોઈની પાસે છે જ ક્યાં? બાળક તમને તરત જ મોઢે જ ખરાબ લાગે તે રીતે ના પાડી દેતાં અચકાતું નથી. માટે અમુક બાબતો એને જાતે જ સમજાશે એમ માનીને તેનામાં વિશ્વાસ મૂકવો! હવે એવી પાંચ અંતિમ બાબતો કે જે તમારે તેમના માટે કરવી તે છે બાળકને તે જે માગે તે લાવી ન દેવું, પણ તેને તે કરતાં શીખવવું, તેને સમજાવવું કે તે જે માગી રહ્યું છે તેને મેળવવાની લાયકાત તેણે કેળવવી પડશે. ત્યારબાદ બાળકને તે જે કરવા ઈચ્છે છે તે કરવા દેવું ભલે તેમ કરતાં તેને બરાબર ન આવડે તો પણ તેનો આત્મવિશ્વાસ તોડી ન પાડવો! બાળકના કામને હલકું કે તુચ્છ ન ગણવું, તે જે કરે તેને પ્રોત્સાહિત કરવું. તેના કામમાં વચ્ચે ન પડવું, તેના કામનું નિરીક્ષણ કરવું પરંતુ તેને જાતે જ પોતાની રીતે કામ કરવાની ટેવ પાડવી. અને અંતિમ બાબત છે તેની પાસેથી કયારેય તેનું કામ છિનવી લેવું. તને નહિ ફાવે કે તું નહિ કરી શકે એવા શબ્દો તેના મન પર ઊંડો ઘાવ કરી જાય છે.

મા-બાપોને અને શિક્ષકોને એ વાતની ખબર હોવી જોઈએ કે બાળકને કેળવણી આપવા માટે પ્રથમ પોતાની જાતને કેળવવી જોઈએ, પોતાના વિષે સભાન બનીને, પોતાના પર પ્રભુત્વ મેળવવું જરુરી છે કે જેથી પોતે બાળક સામે એક ખરાબ દૃષ્ટાંતરૂપ ન બની રહે. ખરી કેળવણી - અસરકારક કેળવણી દૃષ્ટાંત મારફતે જ અપાય છે. કદી ભૂલવું નહીં કે બાળકને આ જગતમાં જન્મ આપીને તેના પ્રત્યેની એક ફરજ નોતરી છે. એ ફરજ ઉત્તમ રીતે અદા કરવાની એકમાત્ર રીત એ જ છે કે તમે પોતે ઉત્તમ બનો.

- nehalgadhavi101@gmail.com

મનોબળથી કોરોના હારે છે : અમદાવાદના ભરતભાઈ ગોહિલનો માનવામાં ન આવે તેવો કિસ્સો

નવી સવાર
રમેશ તન્ના

૪૦ દિવસ સ્ટર્લિંગ હોસ્પિટલમાં, ૫૦ દિવસ ઝાયડ્સ હોસ્પિટલમાં, ૮૦-૮૫ ટકા ફેફસાં ખલાસ થઈ ગયાં હતાં. બોલી પણ શકાતું નહોતું. નર્સોને નસ પકડાતી નહોતી અને નર્સો કહેતી હતી કે, 'દાદા હવે તમે તો ગયા'. ત્યારે ભરતભાઈ કહેતા હતા કે, 'હું ચાલતો ચાલતો તમને મળવા આવીશ.'

આ એક પ્રેરક અને જબરજસ્ત કિસ્સો છે.

કોરોનાના વાયરસે કાળો કેર વર્તાવ્યો છે. તેનું બીજુ મોજું ખતરનાક છે. કાળમૂખો કોરોના સ્વરુપ બદલે છે. છૂપો પ્રહાર કરે છે. ફેફસાંને ખલાસ કરી નાખે છે. આવી સ્થિતિમાં દવાઓની સાથે મજબૂત મનોબળ વધારે ઉપયોગી થાય તેવું છે. જો વીલ- પાવર સ્ટ્રોંગ હોય, મન એકદમ મજબૂત હોય તો

યમરાજ પાસેથી પણ માણસ પાછો આવી શકે એવો એક સાચો બનાવ મિત્રો સાથે વહેંચું છું.

એમનું નામ ભરતભાઈ ગોહિલ. પ્રિન્ટીંગની દુનિયામાં અમદાવાદમાં એક જમાનામાં તેમની ભારે બોલબાલા હતી. નરોડા વિસ્તારમાં તેમનું પોતાનું ગણેશ ઓફસેટ પ્રિન્ટીંગ યુનિટ હતું. ઓફસેટ પ્રિન્ટીંગના તેઓ નિષ્ણાત. આખા વિશ્વમાં ફરે. થોડાં વર્ષોથી તેઓ પોતાના પરિવાર સાથે અમેરિકામાં સ્થાયી થયા છે. જ્યાં પોતાનું ઓફસેટ પ્રિન્ટીંગ યુનિટ હતું ત્યાં એમણે પોતાનાં માતા પાર્વતીબહેનની સ્મૃતિમાં ચેરિટી હોસ્પિટલ કરી છે. વિશેષતા એ છે કે તેઓ કોઈની પાસેથી દાન લેતા નથી અને આ મોટી હોસ્પિટલ વર્ષોથી ચલાવી રહ્યા છે.

ભરતભાઈ અવારનવાર ભારત આવતા રહે છે. ગયા મે મહિનાની વાત. તેઓ ભારતમાં હતા. અચાનક એક દિવસ તેમને તાવ આવ્યો. દવા લીધી. તાવ મટી ગયો. વાત પૂરી થઈ. પાંચ દિવસ પછી ફરીથી તાવ આવ્યો. તેમને ફેફસાંનો સિટી સ્કેન કરાવ્યો તો ખબર પડી કે, ઈન્ફેક્શન ઘણું છે. તેઓ તાત્કાલિક અમદાવાદની જાણીતી સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ થયા. લગભગ ૪૦થી ૪૧ દિવસ તેઓ હોસ્પિટલમાં રહ્યા. એ પછી વધુ સારવાર માટે ૫૦ દિવસ અમદાવાદની જ ઝાયડ્સ હોસ્પિટલમાં રહ્યા. ઝાયડ્સ હોસ્પિટલમાં ૧૨ દિવસ આઈસીયુમાં અને પછી સ્પેશ્યલ રુમમાં રહ્યા.

થયું એવું હતું કે કોરોના વાયરસે તેમનાં ફેફસાંઓને ખલાસ કરી નાખ્યા હતા. લગભગ ૮૦થી ૮૫ ટકા ફેફસાંઓ ખલાસ થઈ ગયાં હતાં. પરિસ્થિતિ ખૂબ જ નાજૂક હતી, નબળી હતી, નર્સો એમને ઈન્જેક્શન આપવા આવે તો નસ પણ પકડી શકતી નહોતી. ઘણી નર્સો કહેતી હતી કે, 'દાદા હવે તમારો જવાનો સમય થઈ ગયો છે'. જોકે, ભરતભાઈ કહેતા કે હું એક દિવસ ચાલતો ચાલતો તમને મળવા આવીશ.

તેમણે નક્કી કર્યું હતું કે, મરવાનું નથી, મારે જીવવાનું જ છે. આ જે સંકલ્પ હતો, દૃઢ મનોબળ સાથેનો સંકલ્પ એ જબરજસ્ત. ભરતભાઈએ ફાઈટ આપી. એક બાજુ કોરોના વાયરસ અને બીજી બાજુ ૬૭ વર્ષના ભરતભાઈ ગોહિલ. બરાબર યુધ્ધ જામ્યું. કોરોના વાયરસ કહે કે, હું જીતીશ. ભરતભાઈ કહે કે, હું તને નહીં જીતવા દઉં. એક સમય એવો આવ્યો કે તેઓ બોલી પણ શકતા નહોતા. અરે એમને ફેફસાંમાં ઓક્સિજન આપવાની તકલીફ હતી. ફેફસાં ઓક્સિજન સ્વીકારે જ નહીં. પછી તે કોરોના વાયરસ હાર્યો અને ભરતભાઈ જીત્યા. ભરતભાઈ હોસ્પિટલમાંથી તેમાં ઘરે પાછા ફર્યા. ચાર મહિના સુધી ફિઝિયોથેરાપીની મદદથી કસરત કરી. પછી કસરત બંધ કરી દીધી. એ હજી કસરત કરે છે પણ પોતાની રીતે કરે છે, લગભગ ૧૧ મહિના થઈ ગયા છે. ભરતભાઈ અત્યારે એકદમ સ્વસ્થ છે. અમદાવાદમાં છે. થોડા સમય પછી અમેરિકા જવાના છે.

ભરતભાઈની ભાવના જુઓ તમે. મને જ્યારે ખબર પડી ત્યારે હું અવારનવાર તેમની સાથે ફોન પર વાત કરું. બે-ત્રણ દિવસ એવું થયું કે મારે તેમની સાથે સંતાકૂકડી થઈ. હું ફોન કરું ત્યારે તેઓ ના ઉપાડી શકે. તેમનો ફોન આવે ત્યારે હું ના ઉપાડી શકું. પછી બે દિવસ પહેલાં વાત થઈ ત્યારે કહ્યું કે, સોરી હું ફોન ના ઉપાડી શક્યો. એમણે મને કહ્યું કે હું ઓક્સિજનની સગવડ કરવામાં વ્યસ્ત હતો એમાં હું વ્યસ્ત હતો. મને એવું થયું કે એમને પોતાને ઓક્સિજનની જરુર હશે, એટલે મેં કહ્યું કે, કેટલો ઓક્સિજન જોઈએ છે... ? હું થાય તો તમારી મદદ કરું પણ પછી ખબર પડી કે તેઓ પોતાના માટે ઓક્સિજનની સગવડ નહોતા કરતા. પાર્વતીબા હોસ્પિટલમાં દાખલ થયેલા કોરોના પોઝિટિવ દર્દીઓ માટે ઓક્સિજનની સગવડ કરતા હતા. એ કહે મારે ઓક્સિજનની જરુર નહોતી. એમ